**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

**પ્રશ્નપત્ર - ૨**

**(સમય : બપોરે ૨ થી ૫)** **રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩** **કુલ ગુણ : ૧૦૦**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.**

## વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ' નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩, ૪ (૭) **૨.** ૧, ૨, ૪ (૧૮) **૩.** ૧, ૨, ૪ (૧૧૯)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. વચ.પં.૧માં શ્રીજીમહારાજ કેવો અને કયો નિશ્ચય રાખવાનું કહે છે ? (૨૭)

જ. હવે તો ભગવાનના ધામમાં જ ઠેઠ પૂગવું છે, પણ વચમાં કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સંબંધી જે સુખ તેમાં લોભાવું નથી.

૨. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' પ્રમાણે કયા આઠ અંગે સહિત વંદન કરવું ? (૬૯)

જ. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' પ્રમાણે પગ, હાથ, ઢીંચણ, મસ્તક, છાતી, દૃષ્ટિ, મન અને વચન આ આઠ અંગ સહિત વંદન કરવું.

૩. યોગીજી મહારાજના મતે બ્રહ્મભાવ કોને કહેવાય ? (૪૭)

જ. યોગીજી મહારાજના મતે નાની-મોટી આજ્ઞામાં ફેર ન પડવા દેવો એ બ્રહ્મભાવ કહેવાય.

૪. કારિયાણી ૧૦ પ્રમાણે તપ શા માટે કરવું ? (૩૦)

જ. કારિયાણી ૧૦ પ્રમાણે તપ કરવું તે તો ભગવાનની પ્રસન્નતાનું કારણ છે.

૫. લોયા.૧૮માં શ્રીજીમહારાજે સાતત્યતા માટે શી આજ્ઞા કરી છે ? (૧૭૬)

જ. લોયા.૧૮માં શ્રીજીમહારાજે સાતત્યતા માટે કહ્યું છે કે 'આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એક વાર કરવી એમ અમારી આજ્ઞા છે.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. 'વૈરાગ્ય છે તે તો વિષય સાથે વેર કરાવે.' (૧૦૦)

**જ. વૈરાગ્યથી લાભ**

૨. 'કામનું મૂળ ઉખડી જાય તોપણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહિ.' (૧૭૮)

**જ. ધર્મમાં સાતત્ય**

૩. 'આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એ જ ભક્તિ છે.' (૪૦)

**જ. ભક્તિનું તાત્પર્ય અને તેના પ્રકારો**

૪. 'જેટલી ગાફલાઈ હોય તે નડ્યા વિના રહે જ નહિ.' (૧૨૬)

**જ. સુધા સાવધાન રહેજ્યો**

૫. 'અમારા અંતરને વિશે તો ક્યારેય સ્વપ્નમાં પણ જગતની કોરનો ઘાટ થતો નથી.' (૪)

**જ. સર્વ શાસ્ત્રના સાર-રહસ્યરૂપે સાધના**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

**૧. સંતો-ભક્તોનો અભાવ, અવગુણ અને દ્રોહ. (અનુ.-૧૪)**

જ. (૧) અભાવ, અવગુણ અને દ્રોહનું તાત્પર્ય (૨) અભાવ-અવગુણ ન આવે તો લાભ (૩) અભાવ, અવગુણ અને દ્રોહથી ખોટ (૪) અભાવ, અવગુણ અને દ્રોહનો નિષેધ (૫) અભાવ, અવગુણ અને દ્રોહનાં કારણો (૬) અભાવ, અવગુણ અને દ્રોહ ટાળવાના ઉપાયો

**૨. સ્વરૂપનિષ્ઠાની અનિવાર્યતા (અનુ.-૧૦)**

જ. (૧) કલ્યાણ માટે અનેક પ્રકારનાં સાધનો (૨) આત્યંતિક કલ્યાણ માટે ફક્ત સાધનોનું અસામર્થ્ય (૩) સ્વરૂપનિષ્ઠાથી જ કલ્યાણ.

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

**૧. વાસના અને સ્વભાવ ટાળવાની આવશ્યકતા (૧૩૬-૧૩૮)** આત્મા-પરમાત્માના સાક્ષાત્કારની આ આધ્યાત્મિક સાધનામાં પંચવિષયોની વાસના અને સ્વભાવો અનેક પ્રકારે વિઘ્નરૂપ છે. એ જ સાધકની સાધનાની ગતિ ઘટાડે છે, તેને સારી પેઠે પાછો પાડે છે અથવા તો તેને પથભ્રષ્ટ કરે છે. કમાણી કરવાને બદલે ખોટ જાય છે. શાશ્વત સુખને બદલે ડગલે ને પગલે ક્લેશ, અશાંતિ અને ઉદ્વેગનો અનુભવ થાય છે. ભગવાન અને સંતની પ્રસન્નતા મેળવવાને બદલે કુરાજીપો મેળવવો પડે છે, છેલ્લો જન્મ થવાને બદલે અનંત જન્મો ઊભા થાય છે. વાસના અને સ્વભાવ જ બધું બગાડી નાખે છે. જે કાંઈ કર્યું હોય તેના પર પાણી ફેરવી દે છે. વાવેલા ઉપર સો ટનનું રોલર ફેરવી દે છે. સાધનાને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખે છે. સાધનામાં સૌ કોઈ ઘણું ઘણું કરતા હોય છે, પરંતુ વાસના અને સ્વભાવને લીધે પ્રગતિ થવાને બદલે અધોગતિ થાય છે. એને લીધે જ અંતરનું અને બહારનું વાતાવરણ બગડે છે. દિવ્ય વાતાવરણ પ્રાકૃત થઈ જાય છે. મનમાં અને બુદ્ધિમાં જડતા વ્યાપી જાય. અંધકાર છવાઈ જાય. મૂઢપણું આવી જાય. કર્તવ્ય-અકર્તવ્યમાં કંઈ સૂઝ ન પડે. ભગવાન અને સંતના અભિપ્રાયને સમજી જ ન શકાય. મનધાર્યું જ થાય. આમ, વાસના અને સ્વભાવ તો ભલભલાની ચટણી કરી નાખે છે. સર્વત્ર એના જ કજિયા છે. માટે પોતાની સાધનામાં સ્વભાવ-વાસના વિઘ્નરૂપ ન થાય તે માટે સાધકે ખૂબ જ સાવધાની રાખવી જરૂરી છે, અને સાથે સાથે સ્વભાવ તથા વાસના ટાળવાની આવશ્યકતા સમજીને તે ટાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો સાધકને ભગવાન અને સંતનો યથાર્થ અને સંપૂર્ણ રાજીપો પ્રાપ્ત કરવો હોય, સાધના દરમ્યાન કે સાધનાને અંતે એની ફલશ્રુતિરૂપે શાંતિ, સંતોષ, પૂર્ણતા અને કૃતાર્થતાનો અનુભવ કરવો હોય, તો તેણે વાસના અને સ્વભાવ તો મૂકવાં જ પડશે. એને છોડ્યા વગર કે નિર્મૂળ કર્યા વગર ક્યારેય કોઈનોય છૂટકો જ નથી. આજે, આવતી કાલે, આવતા વર્ષે, પચાસ વર્ષે કે સો વર્ષે અથવા તો સો જન્મ પછી પણ વાસના અને સ્વભાવ તો ટાળવા જ પડશે. ગમે ત્યારે અને ગમે ત્યાં તો એ ટળશે તો જ શાંતિનો અનુભવ થશે, છેલ્લો જન્મ થશે અને આત્યંતિક મોક્ષ થશે. જો અનંત જન્મો પછી પણ એ છોડ્યા વગર છૂટકો જ ન હોય, તો પછી આ જન્મે એ કેમ ન ટાળવાં ? એ ટાળવામાં જેટલું મોડું થશે એટલું સાધકને પોતાને જ દુઃખ અને નુક્સાન છે. તેથી જેટલાં વહેલાં વાસના અને સ્વભાવ ટળે એટલો એને જ લાભ છે. તેથી જ તો શ્રીજીમહારાજે વારંવાર વાસના-સ્વભાવ ટાળવાનો આગ્રહપૂર્વક ઉપદેશ પણ આપ્યો છે. અહીં બે સંદર્ભો જોઈએ : **મ. ૨૬** - ''ભગવાનને ન ગમે એવો કોઈક પોતાનો સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો.'' **અં. ૩૮** ''જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.'' ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : ''દેહના ભાવ ને વિષયના ભાવ આજ મૂકો, કાલ મૂકો, વરસે મૂકો, પણ જ્યારે મૂકશો ત્યારે જ છૂટકો થાશે.'' (સ્વા.વા. : ૧૪/૨૧૬) ''સ્વભાવ મૂક્યા વિના કોઈ દહાડો જય થવાની નથી.'' (સ્વા.વા.૧૫/૮૫) ઉપરોક્ત સર્વે સંદર્ભોમાં શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીનો એક જ સૂર આવે છે કે તમે તમારા સ્વભાવ મૂકો. એમની પોતાને આશ્રિત સાધકો પાસેથી સાધકોના જ હિત માટે આ અપેક્ષા છે. સાધકોએ પણ એમની અપેક્ષા પ્રમાણે સ્વભાવ ટાળવા જોઈએ. વસ્તુતઃ તો સ્વભાવ મૂકવા એ એક પ્રકારની સાધના પણ છે અને સાચી સાધનાની ફલશ્રુતિ પણ છે. પ્રમુખસ્વામી મહારાજ કહે છે, ''સત્સંગમાં આપણે સ્વભાવ મૂકવા જ આવ્યા છીએ. સત્સંગમાં આવ્યા પછી સ્વભાવ ઘસાયા નહિ, તો સત્સંગ કર્યો જ નથી. જેટલા સ્વભાવ ઘસાયા તેટલું જ સત્સંગનું ફળ.'' **અથવા**

૨. **સત્સંગમાં રહેલા કુસંગથી નુકશાન (૧૩૩-૧૩૪)** સત્સંગમાં રહેલા કુસંગથી સાધકની સાધનામાં ઘણાં વિઘ્નો આવે છે. મુખ્યત્વે તો આવા કુસંગના કારણે - જે સમજવાનું છે તે ન સમજાય અને બીજું જ કંઈક અવળું સમજાઈ જાય. - જે કરવાનું છે તે ન થાય અને જે નથી કરવાનું તે થાય. - શ્રીજીમહારાજ અને સર્વે અવતારો તત્ત્વતઃ એક જ અને સમાન છે, પરંતુ શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ છે, એવું ન સમજાય. - ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે એવી સમજણ પણ દૃઢ ન થાય. - ભગવાન અને સંતનાં સ્વરૂપમાં સંશય થાય અને એમનામાં મનુષ્યભાવ આવે. - સંતો-ભક્તોના અભાવ-અવગુણમાં ઊતરી જવાય, ખટપટમાં પડી જવાય. - ભગવાન અને સંતની આજ્ઞા પાળવામાં કચાશ રહે. તેમની પ્રસન્નતાનાં સાધનો આત્મસાત્ કરવામાં પણ ઢીલાશ આવી જાય. - હિંમત, ધીરજ, શ્રદ્ધા જેવા આવશ્યક સદ્‌ગુણોથી રહિત થઈ જવાય. - જીવનમાં આળસ, પ્રમાદ જેવા દુર્ગુણોનો પ્રવેશ થાય. - પરિણામે સાધક સાધનાના માર્ગે યથાર્થપણે ચાલી ન શકે, ગતિ મંદ થઈ જાય અથવા તો સાધનાપથથી ભ્રષ્ટ થઈ જાય. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''આ જન્મે એકાંતિક થવાનો હોય તેને ઊતરતાનો સંગ થાય તો સો જન્મ ધરવા પડે.'' (સ્વા.વા. : ૨/૧૭૮) ''સત્સંગમાં કુસંગનો જોગ થાય ને બ્રહ્મરૂપ હોય તો દેહરૂપ કરી નાખે.'' (સ્વા.વા. ૫/૩૧૩) કુસંગથી થતી અસર જણાવીને એનાથી દૂર રહેવાની શીખ આપતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે : ''કુસંગથી શું થાય ? આપણને એકાંતિક ધર્મમાંથી પાડી દે, ધર્મની અંદર શિથિલતા લાવે. માટે જેણે કરીને આપણાં ધર્મ-નિયમ, આજ્ઞા-ઉપાસના, મહિમા ને સેવામાં ઘસારો આવતો હોય તેની વાત સાંભળવી નહિ ને તેની પાસે બેસવું પણ નહિ. તો આપણો સત્સંગ દૃઢ રહે, નહિ તો ઘસારો આવી જ જાય, ઘરનું ગોપીચંદન પણ જાય. જે કાંઈ બે સારા ગુણ હોય એ પણ ચાલ્યા જાય ને બીજાનો અભાવ આવે.'' આ રીતે સત્સંગમાં રહેલા કુસંગના યોગથી થતા નુક્સાનનો વિચાર કરીને તેનાથી સાધનામાં નુક્સાન ન થાય તે માટે સાવધાની રાખીને તેનાથી દૂર રહેવું જોઈએ. જેને પોતાના અંતિમ ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા હોય, ખરેખર અંતરમાં ભગવાન અને સંતને રાજી કરવાનો ઈશક હોય, તે કદાપિ સત્સંગના કુસંગનો અર્થાત્ ઊતરતાનો સંગ કરે જ નહિ. વળી, સત્સંગનો કુસંગ ઓળખાય અને તેનાથી રક્ષા થાય એ માટે ભગવાન અને સંતને નિત્ય પ્રાર્થના કરવી જોઈએ.

૩. **સેવા કરવાની કળા. (૬૪-૬૬)** સેવા કરવી એ એક પ્રકારની કળા છે. જો તે યથાર્થ રીતે કરવામાં આવે તો અગાઉ જણાવ્યા પ્રમાણેના લાભ જરૂર થાય છે. તેથી સેવા કરવાની સાચી રીત શીખવી જરૂરી છે. સેવા કેવી રીતે કરવી જોઈએ એ વિશે શ્રીજીમહારાજે અને ગુણાતીત ગુરુઓએ પોતાનાં જીવન અને ઉપદેશ દ્વારા જે કાંઈ માર્ગદર્શન આપ્યું છે, તેના સારરૂપે કેટલાક મુખ્ય મુદ્દાઓ જોઈએ : (૧) શ્રીજીમહારાજ, ગુણાતીત ગુરુઓનું યથાર્થ સ્વરૂપ સમજીને, તેમને વિશે દિવ્યભાવની દૃઢતા કરીને, તેમજ તેમનો યથાર્થ મહિમા સમજીને સેવા કરવી. (૨) તેમના સંબંધવાળા સંતો, ભક્તોનો મહિમા સમજીને, તેમના સદ્‌ગુણો વિચારીને તેમની સેવા કરવી. (૩) 'મને આ સેવા મળી છે તે મારાં અતિશય મોટાં ભાગ્ય છે' એમ સેવાનો મહિમા સમજીને સેવા કરવી જોઈએ. (૪) પોતાનું મનધાર્યું કે મનગમતું મૂકીને મહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા, રુચિ, અનુવૃત્તિ સમજીને સેવા કરવી. (૫) મહારાજ, પ્રગટ ગુરુહરિ અને સંસ્થાને સંપૂર્ણ સમર્પિત થઈને એમના માટે કુરબાન-ફના થઈ જવાની ભાવનાથી, એમને સંપૂર્ણ વફાદાર રહીને સેવા કરવી. (૬) એમની આજ્ઞાથી જે કંઈ સેવા કરવાની થાય, તે સેવા કોઈ પણ પ્રકારની લૌકિક કામના માટે, માન-મોટપ માટે, કોઈ વખાણે તે સારુ નહિ, લોક રીઝવવા માટે નહિ, પરંતુ કેવળ પોતાના કલ્યાણ માટે જ તેમ જ કેવળ મહારાજ, સ્વામી અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા માટે જ કરવી. સેવા પહેલાં, સેવા દરમ્યાન અને સેવા પછી પણ એવું અનુસંધાન રાખવું કે આ સેવાથી તેઓ... રાજી તો થશે ને ? રાજી તો થાય છે ને ? રાજી તો થયા છે ને ? (૭) 'સંસ્થા અને સ્વામી મારા માટે શું કરે છે કે શું કરશે ?' તેવો વિચાર નહિ, પણ 'હું એમના માટે શું કરું છું અને શું કરીશ ?' એ વિચાર સાથે સેવા કરવી. (૮) સેવા કરતી વખતે ક્યારેય કોઈનોય વાદ ન લેવો કે તે નથી કરતો તો હું શા માટે કરું ? એવી જ રીતે કોઈનોય અભાવ પણ ન લેવો કે એ કેમ સેવા નથી કરતો ? બીજા કરે કે ન કરે, પણ મારે તો મારા કલ્યાણ માટે અને ગુરુને રાજી કરવા માટે સેવા કરવી જ છે. બીજા ન કરતા હોય તો તે કરીને આવ્યા છે એમ માનીએ, તો તેમનો વાદ પણ ન લેવાય અને તેમનો અભાવ પણ ન આવે. શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સર્વત્ર છે, સર્વેમાં છે, મારા હૃદયમાં છે. તેઓ સર્વજ્ઞ છે, તેથી હું જે કંઈ કરું છું તે બધું જ તેઓ જુએ છે અને જાણે છે, એવા વિચાર સાથે સેવા કરવી. (૯) શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ જ સર્વકર્તાહર્તા છે, તેઓ જ કરે છે, મારાથી તો કંઈ જ થઈ શકે તેમ નથી, એમ અહંભાવ ટાળીને પોતાનું અસ્તિત્વ ભૂલીને મારા દ્વારા તેઓ જ કરે છે, એમ તેમના

સર્વકર્તૃત્વનું અનુસંધાન રાખીને સેવા કરવી. (૧૦) મહારાજ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સહિત ભજન કરતાં કરતાં સેવા કરવી. (૧૧) માન-અપમાન, પ્રશંસા-ટીકા, સુખ-દુઃખ, સગવડ-અગવડ, સફળતા-નિષ્ફળતા જેવા દ્વંદ્વોમાં સ્થિરતા અને સમતા રાખીને સેવા કરવી. (૧૨) અહં-મમત્વ, રાગ-દ્વેષ, માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, મત્સર વગેરે સ્વભાવો મૂકીને સેવા કરવી. સેવા કરતી વખતે આ વિકારો ન ભળે તેનું ધ્યાન રાખીને, જાણપણું રાખીને સેવા કરવી. (૧૩) પોતાનું સ્વરૂપ ત્રણ દેહ, ત્રણ ગુણ અને કામક્રોધાદિક વિકારોથી જુદું સમજીને, પોતાને બ્રહ્મરૂપ માનીને સેવા કરવી. (૧૪) નિરાશ કે ઉદાસ થયા વગર સેવાને વેઠ માન્યા વગર, સેવામાં કંટાળો લાવ્યા વગર, ટેન્શન કે ચિંતા રાખ્યા વગર, આનંદ અને ઉત્સાહથી સેવા કરવી. (૧૫) પરસ્પર સંપ, સુહૃદભાવ, એકતા રાખીને, એકબીજાનો મહિમા સમજીને, એકબીજાના સ્વભાવો સહન કરીને, એકબીજાને સમજીને, અનુકૂળ થઈને અને મદદરૂપ થઈને, દાસભાવે, સેવકભાવે તથા નમ્રભાવે સેવા કરવી. (૧૬) પોતપોતાના નિયમ-ધર્મમાં રહીને સેવા કરવી. સેવા દરમ્યાન પોતાના નિયમ-ધર્મનો લોપ ન થાય, તેનું ખાસ જાણપણું રાખીને સેવા કરવી. (૧૭) સેવાની ગુણવત્તામાં સતત સુધારો અને વધારો થતો રહે તે માટે પ્રાર્થનાપૂર્વક અંતર્દષ્ટિ કરીને જાણપણું રાખીને પુરુષાર્થ કરવો. **અથવા**

૪. **કથાશ્રવણની કળા. (૫૮-૫૯)** કથાશ્રવણ એ એક કળા છે. કોઈ પણ કળા શીખવી પડે છે. તબલાં, હાર્મોનિયમ વગાડવું એ કળા છે. ચિત્ર દોરવું કે શિલ્પ બનાવવું એ કળા છે. તે શીખ્યા વગર ન આવડે. એ કળાને સુધારવા અને તેમાં પારંગત થવા નિત્ય અભ્યાસ કરવો પડે. તેમ કથાશ્રવણની કળામાં પારંગત થવા માટે નિત્ય અભ્યાસ જરૂરી છે. જો સાચી રીતે કથાશ્રવણ કરીએ તો જરૂર તેનાથી યથાર્થ લાભ થાય છે. કથાશ્રવણની કળામાં પારંગત થવા અને તેનો સાચો લાભ લેવા માટે નીચેના મુદ્દાનો ખ્યાલ રાખીને તેને આત્મસાત્ કરવા માટે પ્રયત્ન કરવો જરૂરી છે. (૧) **એકાગ્રતાથી કથાનું શ્રવણ :** કેટલીક વાર કથામાં આપણી ફક્ત સ્થૂળ દેહથી જ હાજરી હોય છે. મન તો ભૂતકાળ અને ભવિષ્યકાળની અનેક પ્રવૃત્તિવિષયક વિચારો, વિષયોના સંકલ્પો અને કામાદિક વિકારોમાં ઓતપ્રોત હોય છે. તેથી મનની એકાગ્રતા વગર કથાના શબ્દો નથી ગ્રહણ થતા, નથી યાદ રહેતા કે નથી સમજાતા. માટે કથાના પ્રત્યેક શબ્દને અધ્ધર ઝીલવા અત્યંત એકાગ્રતાથી કથાશ્રવણ કરવું જરૂરી છે. **(૨) મનન અને નિદિધ્યાસન :** કથાશ્રવણ પછી તેનું મનન કરવું અત્યંત જરૂરી છે. કથાનું મનન એટલે કથામાંથી પોતાને ઉપયોગી વાતોનું ગ્રહણ કરવું. જે જે વાતો પોતાને ઉપયોગી હોય તેની જુદી નોંધ કરવી. એમાંથી કઈ વાત ક્યારે, ક્યાં, કેવી રીતે અને શા માટે ઉપયોગી છે એનું વિશેષ મનન કરવું જોઈએ. એમાંથી પણ જે વાત આપણને તાત્કાલિક ઉપયોગી થઈ શકે તેમ હોય, તેવી વાતોનું વિશેષ મનન કરવું જોઈએ. ત્યાર બાદ મનન દ્વારા ગ્રહણ કરેલી વાતોને વારંવાર સંભારીને એટલે તેનું નિદિધ્યાસન કરીને તેની દૃઢતા કરવી જોઈએ. કથાશ્રવણ પછી મનન અને નિદિધ્યાસન કર્યા વગર લાખ વર્ષ સુધી કથાશ્રવણ કરીએ તોપણ તેનાથી કોઈ વિશેષ લાભ થતો નથી, એમ મહારાજે વચ.સા.૩માં સમજાવ્યું છે. આપણે કથાશ્રવણ પછી તેનું મનન અને નિદિધ્યાસન કરતા નથી એ મોટામાં મોટી ખામી છે. તેથી જ તો કથાશ્રવણથી યથાર્થ લાભ થતો નથી. (૩) **જીવનમાં આત્મસાત્ કરવાનો પ્રામાણિક પ્રયત્ન :** સાધક કદાચ કથામાં જાય, રસપૂર્વક એકાગ્રતાથી કથા સાંભળે, એનું મનન-નિદિધ્યાસન પણ કરે, પરંતુ એ વાતોને જીવનમાં ઉતારવાનો અર્થાત્ આત્મસાત્ કરવાનો નિર્ણય અને પ્રામાણિક પ્રયત્ન ન કરે, તોપણ તે કથાથી કોઈ વિશેષ લાભ થતો નથી. અમૃતના કૂવામાં સ્નાન કરવાથી અમર ન થવાય. અમૃતનું એકાદ બુંદ પણ ગળા નીચે ઉતારવું પડે તો એનો લાભ થાય. એમ કથામૃતનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કર્યા પછી જીવનમાં ઉતારવાના દૃઢ નિશ્ચય સાથે પ્રયત્ન કરીએ તો જ એનો યથાર્થ લાભ થાય. તેથી જ તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : સો મણ અન્નનો ઢગલો હોય, પણ માંહીથી શેર ખાઈએ તો જ ભૂખ જાય, તેમ વાતું ધારીને તે પ્રમાણે જ્યારે વરતશું ત્યારે જ સુખ થાશે. (સ્વા.વા. ૧૩/૧૮૭)

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.**
**(પચ્ચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **સત્પુરુષના યથાર્થ પ્રસંગની આવશ્યકતા (૧૬૦-૧૬૨)** ગુણાતીત સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયા પછી એમનો યથાર્થ લાભ તો જ મળે જો એમની સાથે યથાર્થ જોડાણ થાય તો. પાવરહાઉસ મંદિર કે ઘરની બાજુમાં જ હોય, પરંતુ કનેક્શન (જોડાણ) જ ન લીધું હોય તો તેનો લાભ શો ? કદાચ કનેક્શન લીધું હોય પણ ફ્યૂઝ ઊડી

ગયો હોય તો ? કોઈક દરદી વિશ્વપ્રસિદ્ધ અને નિષ્ણાત ડોક્ટર ભેગો આખી જિંદગી રહે, પણ એને એમનો યથાર્થ લાભ લેતાં ન આવડે તો એ દરદીને શો લાભ ? એવી જ રીતે ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે, પરંતુ તેમની સાથે યથાર્થ જોડાણ-પ્રીતિ-આત્મબુદ્ધિ ન હોય, યથાર્થ સંગ ન કરીએ તો વિશેષ કાંઈ લાભ થાય નહિ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''સમાગમ કરવાની રીતિ કહી જે, ''પ્રથમ તો એકાંતિક સાથે જીવ જોડવો. પછી એ સાધુ તો ભગવાનમાં રહેતા હોય તે ભગવાનના ગુણ સાધુમાં હોય, એટલે તે સાધુના ગુણ તે સમાગમ કરનારાઓમાં આવે, પણ જીવ સારી પેઠે જોડે નહિ તો તેના ગુણ આવે નહિ અને એ વાત આજ કરો કે ગમે તો હજાર જન્મે કરો, પણ અંતે એમ કર્યા વિના છૂટકો નથી.'' (સ્વા.વા. ૨/૪૧) ''સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, ''સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ? પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી. અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને વળી બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય તોપણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ, એ સિદ્ધાંત-વાત છે.'' (સ્વા.વા. ૩/૩૩) ''તે ગમે તો ભેળો રહે કે સેવા કરે ને ગમે તો કહે તેમ કરે, તોપણ મોટાના ગુણ તો આવે જ નહિ.' ત્યારે વળી, હાથ જોડીને પૂછ્યું જે, 'હે મહારાજ ! શો ઉપાય કરે ત્યારે એવા ગુણ આવે ? ને વચનામૃતમાં તો બહુ ઠેકાણે કહ્યું છે જે સત્પુરુષના ગુણ તો મુમુક્ષુમાં આવે છે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે પણ તે વિના તો આવે જ નહિ.'' (સ્વા.વા. ૩/૩૪) ''ગુરુ મળ્યા ને જ્યારે જીવના દોષ ન ટળ્યા ત્યારે જાણવું જે, ખરેખરા ગુરુ મળ્યા નથી ! ખરેખરા ગુરુ મળ્યા તોપણ દોષ રહ્યા ત્યારે જાણવું જે, ગુરુને જીવ સોંપ્યો જ નથી. માટે જ્યારે જીવ સોંપે ત્યારે એકે દોષ રહે નહિ ને કોઈ જાતનો ઉદ્વેગ પણ રહે નહિ. પછી સદા આનંદમાં જ ગરકાર રહેવાય.'' (સ્વા.વા.૯/૩૪૬) ઉપરોક્ત સર્વે સંદર્ભોનું તાત્પર્ય એટલું જ છે કે સાચા સત્પુરુષ મળ્યા પછી પણ જો સાધકને એમનો યથાર્થ લાભ લેતા ન આવડે, અર્થાત્ એમનો યથાર્થ પ્રસંગ ન કરે, તોપણ સત્પુરુષના ગુણ આવતા નથી, બ્રહ્મરૂપ થવાતું નથી, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થતો નથી અને છતી દેહે જીવન્મુક્તિનો પણ અનુભવ થતો નથી. વળી, ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''ત્યાગ, વૈરાગ્ય, નિયમ ને ધર્મની કેટલીક વાત કરીને બોલ્યા જે, 'ત્યાગ, વૈરાગ્યને શું કરવા છે ? ગમે એવો જીવ હશે પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. ને તે વિના તો ગમે તેટલી ભક્તિ કરે તોપણ શું ? ને કૃપાએ કરીને અખંડ મૂર્તિ દેખે તોપણ શું ? માટે ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે.'' (સ્વા.વા.૧/૩૨) આ જ વાતના અનુસંધાનમાં યોગીજી મહારાજ કહે છે : ''નિયમ, ધર્મ, ત્યાગ, વૈરાગ્ય પળાવવા નહોતા એમ નથી, પણ આત્મબુદ્ધિ એ એકડો છે, એમ સ્વામીનો સિદ્ધાંત છે. કૃપા કરીને અખંડ મૂર્તિ દેખે તો મહિમા ઘણો વધે અને લોકો દંડવત્ કરે, પણ આત્મબુદ્ધિ ન હોય તો મહારાજે ખોટ બતાવી.'' ''ગમે તેવો જીવ હોય તોપણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. ગમે તેટલી ભક્તિ કરે તોય શું ? મંદિરના પાણા ઉપાડે, રોટલા ઘડે, આખા દેશમાં સત્સંગ કરાવે, પણ જ્યાં સુધી આત્મબુદ્ધિ નથી, ભગવાનના ભક્તમાં પોતાપણાની બુદ્ધિ નથી તો શું ?'' ગુણાતીતાનંદ સ્વામી અને યોગીજી મહારાજનાં ઉપરોક્ત વચનોનું તાત્પર્ય એ છે કે બીજાં બધાં જ સાધનો કરવામાં આવે, પણ જો સત્પુરુષમાં આત્મબુદ્ધિએ કરીને યથાર્થ જોડાણ કરવામાં ન આવે, એટલે કે સત્પુરુષનો યથાર્થ પ્રસંગ કરવામાં ન આવે, તો તે મોટી ખોટ છે. તેથી સાધનામાં મુખ્યત્વે તો સત્પુરુષનો દૃઢ પ્રસંગ યથાર્થ રીતે કરવાનો છે.

૨. **સંપથી લાભ (૧૧૫-૧૧૮)** સંપના તાત્પર્યમાં 'પક્ષ' શબ્દ વાપરીને એનાથી થતા લાભ વિશે શ્રીજીમહારાજ કહે છે : **પ્ર. ૭૮** - ''જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિશે અચળ છે.. જેને એવો સત્સંગનો પક્ષ છે, તે સંત અથવા સત્સંગી તે સંગાથે માન, મત્સર, ઈર્ષ્યા કેમ રાખી શકે ? માટે જેને સત્સંગનો પક્ષ હોય તેનાં માન, મદ, મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો નાશ થઈ જાય છે.'' **મ. ૬૦** - ''જે ભગવાનનો ભક્ત હોય તેને કોઈક મારી નાંખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જઈને જો મરે કે ઘાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું છે જે, 'તેનાં બ્રહ્મહત્યાદિક જે પંચ મહાપાપ તે સર્વે મટી જાય છે, એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે.'' ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''આ તમે સર્વે

સાધુ, પાળા, બ્રહ્મચારી આમ ને આમ સંપ રાખશો તો ગમે તેવો તમારે અંતઃશત્રુનો વધારો હશે તોપણ પરાભવ નહિ કરી શકે, ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બહાર કાઢી નાખશે.'' (સ્વા.વા.૩/૫૮) ''એક રુચિવાળા બે જ હોઈએ તો હજારો ને લાખો છીએ ને તે વિના તો હજારો ને લાખો હોઈએ તોપણ એકલા જ છીએ એમ માનવું.'' (સ્વા.વા. ૧/૩૩૫) ''રુચિવાળા પાંચ ભેગા હોય કે બે ભેગા હોય, તોપણ લાખ-કરોડ ભેગા છીએ, ને તે વિના ગમે તેટલા ભેગા હોય તોપણ એકલા છીએ.'' (સ્વા.વા. ૪/૧૦૭) યોગીજી મહારાજ કહે છે : ''આપણે એક સંપથી જો સત્સંગ વધારવાનું કામ ઉપાડીશું તો સ્વામી શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજ ઘણા રાજી થશે.'' ''એક સંપથી પ્રભુ ભજીએ તો માયા ન આવે.'' ''સુહૃદભાવ રાખીશું તો દેશકાળ નહિ લાગે. કોઈ જાતનું દુઃખ નહિ આવે.'' ''સુહૃદપણું તે જ એકાંતિકપણું છે. જીવનું જીવન છે. તે હશે તો બાકીનાં ત્રણ પણ આવી જશે તે શું ? તો ઉપાસના, આજ્ઞા અને એકાંતિકમાં પ્રીતિ. માટે આ સનાતન સિદ્ધાંત એક જ જો મોટાની કૃપાથી સિદ્ધ થાય તો સંપૂર્ણ થઈ ગયા.'' ''સત્સંગનો પ્રચાર ત્રણ વાનાથી થાય છે : સંપ, સુહૃદભાવ અને એકતા.'' ''આપણે ધારીએ તો આખા મુંબઈને રંગી શકીએ, પણ એમાં ત્રણ મુદ્દા જોઈએ : સંપ, સુહૃદભાવ અને એકતા.'' ''એક સંપ અને સુહૃદભાવથી કામ ઉપાડીશું તો આખું લંડન, અમેરિકા ભજન કરતું થઈ જશે.'' પ્રમુખસ્વામી મહારાજ કહે છે : ''આજે આપણાં કાર્યો વ્યવસ્થિત થાય છે, શોભે છે તેનું મુખ્ય કારણ યુનિટિ (એકતા) છે, આપણા બધાનો સંપ છે. બધામાં એક વિચાર, એક રુચિ છે કે ભગવાન અને સંતને રાજી કરવા છે. કોઈનો વિચાર જુદો પડતો નથી.'' ''આપણામાં યુનિટિ હશે, એકતા ને સંપ હશે, તો ગમે તેવું કામ કરી શકીશું. સામે લાખો માણસો હશે તોપણ કંઈ (નુક્સાન) કરી શકશે નહિ, પરંતુ જો આપણે લાખો ને કરોડો હોઈશું પણ યુનિટી (એકતા) નહિ હોય તો છિન્નભિન્ન થઈ જવાના. કશું જ કાર્ય કરી શકીશું નહિ.'' ''સંપ છે ત્યાં બધું કામ થાય છે. સંપ હશે તો આપણો આ સંપ્રદાય ચાલશે, વધશે ને ખૂબ પ્રગતિ થશે. સંપ નહિ હોય તો આ કાર્ય આગળ ચાલે નહિ. કારણ કે આપણી તાકાત તૂટી જાય અને આત્મબળ તૂટી જાય, માટે સંપ એટલો દૃઢ રાખીએ કે જેથી દિવસે દિવસે આપણો ઉત્કર્ષ થાય, સત્સંગનો પણ ઉત્કર્ષ થાય.'' ''એક સંપ, એક રુચિ, એક વિચાર, એક ધ્યેય હોય તો દિગંતમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થાય.'' સંપ, સુહૃદભાવ અને એકતાથી થતા લાભ વિષે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ જે વાત કરી છે, તેના સમાવેશ સાથે સારરૂપે એવું કહી શકાય કે જો કોઈ પણ કુટુંબ, સત્સંગમંડળ, મંદિર કે સંસ્થાના બધા જ સભ્યો વચ્ચે સંપ, સુહૃદભાવ અને એકતાનું વાતાવરણ જળવાઈ રહે તો - (૧) ભગવાન અને સંતનો રાજીપો થાય, એમની કૃપાદૃષ્ટિ થાય તો પછી કંઈ કરવાનું બાકી ન રહે. (૨) સાધનામાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે, ભગવાન અને સંતનો સંબંધ ન તૂટે. સત્સંગમાં દિવ્ય વાતાવરણ જળવાઈ રહે. (૩) સંપ ત્યાં જંપ. વ્યક્તિગત કે સામૂહિક શાંતિ રહે. અહીં જ સાક્ષાત્ અક્ષરધામનો અનુભવ થાય. (૪) સંપ ત્યાં સંપત્તિ. સંપને લીધે સંપત્તિનો વ્યય ઓછો થાય, વધુ સંપત્તિ પ્રાપ્ત થાય. (૫) સંપ એક શક્તિ છે, ટેકનોલોજી છે. તેનાથી અશક્ય કાર્ય શક્ય બને, કઠણ કાર્ય સરળ બને. કોઈ પણ કાર્ય ઝડપી થાય. વિઘ્નો સામે ટકી શકાય. અંતઃશત્રુઓ સામે લડત લઈ શકાય, તેના પર વિજય પ્રાપ્ત થઈ શકે. (૬) સમય, સંપત્તિ અને શક્તિનો બગાડ થતો અટકે. ઓછા સમયમાં, ઓછી સંપત્તિથી, ઓછી શક્તિથી સારામાં સારું કાર્ય થાય. (૭) વ્યક્તિગત કે સામૂહિક જે કાંઈ લક્ષ્ય હોય તે સિદ્ધ થાય, સફળતા પ્રાપ્ત થાય. પરસ્પર સૌની બુદ્ધિ, શક્તિ, આવડત, સૂઝનો સુભગ સમન્વ્ય થવાથી કોઈ પણ કાર્ય વધુ સારું, વ્યવસ્થિત અને નક્કર થાય. (૮) વ્યક્તિગત કે સામૂહિક પોષણ, રક્ષણ અને સર્વાંગી વિકાસ થાય. (૯) તમામને વિશે હેત, મમત્વ થાય. બધા જ પોતાના જ છે એમ મનાય પણ પારકા ન મનાય, બીજા મારું શરીર, મારું જ અંગ છે એમ મનાય, તો કોઈ પણનો 'વિકાસ એ જ મારો વિકાસ છે' એમ માને. (૧૦) સૌનો વિકાસ થાય, સૌ આગળ વધે એવી અંતરમાં ભાવના રહે, એ માટે પ્રાર્થના અને મદદ થાય. બીજા માટે ઘસાઈ છૂટાય. (૧૧) સૌના દાસભાવે, સેવકભાવે વર્તાય. (૧૨) કોઈની સાથે રાગ-દ્વેષ, અહં-મમત્વ ન થાય, આંટી ન પડે. (૧૨) બીજા કોઈ પોતાની ભૂલ દેખાડે કે ટોકે તો અતિશય ગમે અને સુધારવાનો પ્રયત્ન થાય. (૧૩) કોઈ પ્રત્યે ઈર્ષ્યા, અસૂયા, મત્સર ન આવે. (૧૪) પરસ્પર કોઈનો અભાવ, અવગુણ ન આવે. (૧૫) પરસ્પર કોઈ પ્રકારના કંકાસ, ક્લેશ, ઝઘડા ન થાય. ખરેખર સંપ, સુહૃદભાવ અને એકતા તો - ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિનો પ્રાણવાયુ છે. એના વગર સાચા અર્થમાં પ્રગતિ નહિ જ થાય. કદાચ પ્રગતિ થયેલી હશે તોપણ તે નહિ ટકે. - આપણા અસ્તિત્વની ઈમારતનો આ પાયો છે. પાયામાં મુશ્કેલી થાય તો ગમે તેવી સારી અને મજબૂત ઈમારત ભાંગી પડે. કુસંપ પેઠો તો આપણે નહિ ટકવાના, નહિ બચવાના. આપણી બરબાદી અને

પાયમાલી નક્કી છે. આપણો વિનાશ ચોક્કસ છે. - ભૌતિક અને આધ્યાત્મિક સફળતાની આ ગુરુ ચાવી છે. જો આની દૃઢતા હશે તો સફળતા ચોક્કસ છે. નહિતર નિષ્ફળતા નિશ્ચિત છે. - આપણા પરસ્પરના ગમે તેવા પ્રશ્નોના કાયમી ઉકેલ માટે આ એક અનિવાર્ય ઉપાય છે. આના વગર કોઈ પ્રશ્નનું કાયમી સમાધાન નહિ થાય. - શાશ્વત સુખ-શાંતિનો આ જ એક રામબાણ ઈલાજ છે. - આધ્યાત્મિક, દિવ્ય અને સર્વશ્રેષ્ઠ કમ્પ્યુટર કે ટેકનોલોજી (Spiritual divine super compurter and technology) ભગવાન અને સંત છે. તેમના દ્વારા જ આપણું કામ થવાનું છે, પરંતુ આવું આ કમ્પ્યુટર આપણા માટે કાર્ય કરી શકે તે, માટે દિવ્ય અને શાંત વાતાવરણ આવશ્યક છે. તે માટે સંપ-સુહૃદભાવની જરૂરિયાત છે. પરસ્પરના કુસંપને લીધે સુપર કમ્પ્યુટર કામ કરી નહિ શકે. તો સ્વભાવ ટાળવાનું આત્યંતિક મુક્તિનું તેમ જ વ્યક્તિગત અને સમષ્ટિગત સત્સંગ વિકાસનું પણ કાર્ય નહિ થાય. - ગુણાતીતપણાનો, બ્રહ્મરૂપ થવાનો આ જ રાજમાર્ગ છે. એના પર ચાલ્યા વગર ગુણાતીત કે બ્રહ્મરૂપ નહિ જ થવાય. સમગ્ર માનવ-સંસ્કૃતિનો, લૌકિક અને આધ્યાત્મિક ક્ષેત્રના ઈતિહાસનો અભ્યાસ કરીએ, શ્રીજીમહારાજ, ગુણાતીત સત્પુરુષો અને અન્ય મહાન પુરુષોનાં વચનો વિચારીએ અને સમજીએ, તો એટલી દૃઢ પ્રતીતિ થાય છે કે સંપ, સુહૃદભાવ અને એકતા રાખ્યા વગર છૂટકો જ નથી.

**વિભાગ ૨ : અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ભાગ - ૧ તથા ૨ - નવી આવૃત્તિના આધારે**

**(ભાગ - ૧ પાના નં. ૧ થી ૫૫૧, પરિશિષ્ટ - ૩ પાના નં. ૫૮૩ થી ૫૯૯, ભાગ - ૨ પાના નં. ૨૭૯ થી ૪૧૭, પરિશિષ્ટ - ૧ પાના નં. ૪૧૮ થી ૪૩૦, પરિશિષ્ટ - ૩ પાના નં. ૪૫૫ થી ૪૬૪, પરિશિષ્ટ - ૪ પાના નં. ૪૬૫ થી ૪૭૩)**

**નોંધ :- (૧) પ્રશ્ન : ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. ગુણાતીતાનંદ સ્વામીની શ્રીજીમહારાજ સાથે એકતા**

૧. શ્રીજીમહારાજ અને સ્વામીનું દૃષ્ટિ મિલન (સ્વામીનો કથાનો ઈશક - દેહને - આરામ આપવાની ના પાડી કથા સાંભળવાની રૂચિ બતાવી) ૧/૭૮

૨. તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ? - સૂરતમાં ઝોળી માંગતા સ્વામી સન્મુખ ચાલતાં મહારાજ ૧/૮૪

૩. અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે. (પુરુષોત્તમ ઘાટે ભેખડમાં સ્વામીનો પગ ભરાયો ત્યારે) ૧/૧૧૯-૧૨૦

૪. તમે જે કંઈ કહો છો તે મહારાજ ધીરે રહીને સાંભળે છે, અને તમારી ઈચ્છા મુજબ વર્તે છે. મુક્તાનંદ સ્વામી સ્વામીશ્રીને (ધરમપુરનો પ્રસંગ) ૧/૧૧૩-૧૧૪

૫. આ સાધુ અમારા અંતરનું જાણી ગયા. (મહારાજની ઈચ્છા જાણી સ્વામીએ કીર્તન બદલ્યું) ૧/૧૨૮

૬. હજારું સ્ત્રીયું હશે તો પણ તમે નહિ લેવાવ. હું તમારી ભેળો જ છું. (બુરાનપુરમાં સ્ત્રીઓની સભામાં વાત કરવાની આજ્ઞા કરી ત્યારે.) ૧/૧૩૫-૧૩૬

૭. 'ઓલ્યા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લ્યો.' (અઢાર ભીની ગોદડીઓનો ભાર) ૧/૧૩૮-૧૩૯

૮. હું તો મહારાજને જ દેખું છું. તમને દેખતો નથી.(લક્ષ્મણને સ્વામીમાં મહારાજ દેખાયા) ૧/૧૪૮-૧૪૯

૯. એમના તો અમે નિરંતરના જામીન છીએ. ૧/૧૬૫

૧૦. શિવાનંદ સ્વામીને સ્વામીશ્રીએ મહારાજની ચરણરજ બતાવી. ૧/૧૮૬-૧૮૭

૧૧. અમારું અક્ષરધામ તપવાથી અમે તપી ગયા. ૧/૧૮૭-૧૮૮

૧૨. અમારું અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામીને વંથળી જતાં ઠેસ વાગી છે એટલે તેમને ટેકો દેવા અમે હાથ અધ્ધર કર્યો છે. ૧/૧૮૮

૧૩. અમે તેમનામાં અખંડ વાસ કરીને રહ્યા છીએ.(ભૂખ્યા સંતોને જમાડતા ફરીયાદી સંતોને મહારાજનો જવાબ) ૧/૧૯૦
૧૪. તેમને અમારી સાથે એકતા છે અને છતાં સેવ્યભાવ પણ છે.(આસનથી મોટપ નથી.) ૧/૧૯૧
૧૫. 'જ્યાં તે છે ત્યાં જ હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. અમારાથી એ કઇ રીતે જુદા થઇ શકે'? - ગોપાળનંદ સ્વામી ને ૧/૨૦૨
૧૬. હું તમારામાં અખંડ રહ્યો છું. ૧/૨૦૬-૨૦૭
૧૭. આ ગોવિંદરામની પેઠે અમને પણ તમારા વગર સોરવતું નથી. તેથી અમે તમારી સાથે ને સાથે હંમેશા રહીએ છીએ. ૧/૨૫૦

**૨. ગુણાતીતાનંદ સ્વામીએ ભક્તોની કરેલી રક્ષા**

૧. બુરાનપુરના દાદા દીવાન અને તેની સ્ત્રીની યમદૂતો થકી રક્ષા. ૧/૧૩૬
૨. ભાડેર ગામની સીમમાં હિમ નહિ પડે. ૧/૨૨૨
૩. કબા વાણિયાને ગોલોકમાં મોકલ્યો. ૧/૨૪૪
૪. મીઠા ઠક્કરનો ક્ષય રોગ મટાડ્યો. ૧/૨૪૭
૫. ઘોઘલાના શિવશંકરની રક્ષા. ૧/૨૫૧
૬. મેઘપરવાસીઓનું ઘણા વરસોનું દુઃખ ટાળ્યું. ૧/૨૭૧
૭. ઉપલેટા તણાતું બચી ગયું. ૧/૨૭૯
૮. મારવાડના દેહાખાચરને દીક્ષા અપાવી ૧/૨૮૯
૯. હાટીના માળિયાના બાબુનો વ્યવહાર સ્વામીશ્રીએ સુધાર્યો. ૧/૨૯૨
૧૦. છત્રાસાના પ્રતાપસિંહનું જમના ત્રાસથી રક્ષણ. ૧/૨૯૯
૧૧. નથુભટ્ટ પાસે વ્યવહાર પ્રમાણે સેવા કરાવી. ૧/૩૨૬
૧૨. ઉપલેટાના લાલાભાઈ ઈન્દ્રના ઐરાવત પર ભાદર ઊતરે છે. ૧/૩૪૯
૧૩. સમૈયામાં પલળીને આવેલા હરિભક્તોને વસ્ત્રો અને જમવાની વ્યવસ્થા કરી. ૧/૩૫૦
૧૪. સ્વામીશ્રીના સંકલ્પે સરકારે હથિયાર બંધીનો કાયદો કરી સૌના હથિયાર ઝૂંટવી લીધાં. (અખોદરાના રાઘવજીનું ચોરોએ માથું કાપતાં.) ૧/૩૫૬
૧૫. કોઈ એનું માથું કાપશે તો પણ પાછું સંધાઈ જશે.(હીરા રામાણીના દીકરા ઠાકરસીને આશીર્વાદ.) ૧/૪૦૦
૧૬. હરિભક્તોના દુઃખે દુઃખી થવું. - સંતોને ઉપદેશ. ૧/૪૦૮
૧૭. ડુંગરના શેઠની લાજ રાખી. - કન્યાના લગ્નનું નક્કી થયું. ૧/૪૨૨
૧૮. ઓણ સાલ રૂનો વેપાર કરશો નહિ.- પંચાળાના ગોવિંદભાઈ ને બળેજના મોરારભાઈને. ૧/૪૨૪
૧૯. કઠણ દેશકાળમાં વસોના વાઘજીભાઈની રક્ષા. ૧/૪૨૯
૨૦. 'બળેલું વણ ખોદશો નહિ.' વંથળીના અરજણભાઈ ને ઉપલેટાના લાલાભાઈને સંદેશો. ૧/૪૩૦
૨૧. જાળીયાના અરજણ બાબરિયાનું કરજ આળસ્યું. ૧/૪૩૯
૨૨. ઊનાના વલ્લભજી શેઠના દીકરા મોતીચંદને સાજા થવાના આશીર્વાદ. ૧/૪૪૧, ૪૪૩
૨૩. ઉપલેટાના લાલાભાઈ દ્વારા વરસાદ. ૧/૪૬૧
૨૪. વાલજીને પરણાવીશ મા. ૧/૪૬૨
૨૫. 'આ તો કાચું સોનું પાકે તેવી જમીન છે.' - થાણાગાલોલના જસા ગોરને ૧/૪૭૧
૨૬. નાના ગોરખવાળાના હરિભક્તોના દેશકાળ સારા થાય તેવા આશીર્વાદ. ૧/૪૭૫
૨૭. ચાનગઢના મેપાભાઈ ચોડવડિયાની વિનંતીથી ખારું પાણી મીઠું કર્યું. ૧/૪૭૫,૪૭૬
૨૮. વરતાલ જતાં મારગમાં મહુવાવાળા શામજીની રક્ષા. ૧/૪૭૬,૪૭૭
૨૯. મેવાસાના હરજીવન વ્યાસની રક્ષા. ૧/૪૮૦
૩૦. હવે તેને લાકડાં કાપવાં નહિ પડે. - બાઉદ્દીનને આશીર્વાદ. ૧/૪૮૫
૩૧. ધોલેરાના ઠક્કર રણછોડભાઈની કાળચક્રથી રક્ષા. ૧/૪૯૩
૩૨. વસોમાં પાણીનું દુઃખ દૂર કરી ખૂબ વરસાદ વરસાવ્યો. ૧/૪૯૭
૩૩. કોળીની કામઠીના મારથી બ્રાહ્મણ હરિભકત લોહીલુહાણ થતાં 'કામઠી ન હોય તો સારું'. તેવો સંકલ્પ કર્યો. ૧/૫૦૧

૩૪. માણાવદરના હંસરાજ પટેલને ઉપદેશ. ૧/૫૦૫
૩૫. પ્રભુદાસ બારોટના દીકરાને જીવતો કર્યો. ૧/૫૨૯
૩૬. કલાભાઈનું કરજ ચૂકવવાની તૈયારી ૧/૫૨૩
૩૭. ચુડવા ગામના ખવાસને જમના મારથી મૂકાવ્યો. ૧/૫૩૨
૩૮. માવા-મુસાની પેઢી. ૧/૫૪૭
૩૯. ઠાકોરજી અને સાધુઓ જમાડી, કડીયા ગામના ભીમજીભાઈને પાપ મુક્ત કર્યા. ૨/૩૧૧
૪૦. પવિત્રાનંદ સ્વામી થકી ત્રિકમદાસની રક્ષા. 'સ્વામી તો માવતર છે માટે એમણે જે કર્યું તે ઠીક જ કર્યું હશે.' ભગવત્પ્રસાદજી મહારાજ. ૨/૩૨૨
૪૧. રાજુલામાં પ્રેમજીની સર્પ થકી રક્ષા. ૨/૩૨૨-૩૨૩

**૩. ગુણાતીતાનંદ સ્વામીએ કહેલ ભગતજી મહારાજનો મહિમા**

૧. આ વનનું મૃગલું ક્યાંથી આવ્યું ? ૧/૩૨૦
૨. 'આ ટાણે મારો પ્રાગજી ક્યાં હશે'?-ખાંભડામાં. (તારી ભૂખ અમને લાગી.) ૧/૪૯૯
૩. 'કોઈ શૂરવીર થાય તો આ જ્ઞાન તેને આપીએ.'(સારંગપુર જતાં રસ્તાં બહિર્ભૂમિ જઈને હાથ ધોતી વખતે) ૧/૫૦૦
૪. 'આ વખતે વરતાલવાળાને ઘણો જ ઊભરો ભરાયો છે. તેથી તેઓ બોલ્યા વિના રહેશે નહિ, અને તારાથી ખમાશે નહિ, માટે તું અહીં જ રહે.'- સ્વામીશ્રી પ્રાગજી ભક્તને. ૨/૨૭૯
૫. 'આને વિમુખ કહેનારા પોતે જ વિમુખ છે.' (અમદાવાદમાં 'સ્વામીશ્રી અક્ષર છે' તેની ઓળખ આપતાં પ્રાગજી ભક્તને જોઈ) ૨/૩૩૯
૬. 'આણે કેનો બાપ માર્યો હશે કે તેને સત્સંગ બહાર કર્યો ?' (જૂનાગઢમાં પ્રાગજી ભક્તે કરેલી ચંદની બાંધેલી જોઈ સ્વામીશ્રીએ ભાવસંગ અને ડાહ્યાભાઈને કહ્યું.) ૨/૩૪૪

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ગુણાતીતાનંદ સ્વામીની સંયમીવૃત્તિ**

૧. સ્વામીશ્રીની દૃષ્ટિ અખંડ નિયમમાં (સૂરતમાં ઝોળી અને નીલ વાંદરાનો પ્રસંગ) ૧/૮૪-૮૬
૨. તમને સ્ત્રીયું બાધ કરનાર નથી.(મહારાજની આજ્ઞાથી બુરાનપુરમાં સ્ત્રીયુંની સભામાં અંતવૃતિ કરી બે માસ વાતો કરી.) ૧/૧૩૫
૩. 'સ્વામીનું તો જેવું વર્તન તેવી જ વાણી.' - નિત્યાનંદ સ્વામી. ૧/૨૯૫

**૨. ગુણાતીતાનંદ સ્વામીનો રાજવીઓ પર પ્રભાવ**

૧. 'તમો સુખેથી જાઓ અને મંદિરનું કામ ચાલતું રાખો.' - 'ખુદાને કેટલી ફિકર છે.' - જૂનાગઢના નવાબ બહાદુરખાન ૧/૧૬૩-૧૬૪
૨. 'અહો ! સ્વામિનારાયણ ખરેખર ખુદા છે કે પોતાના ભક્તની નનામી આપ પોતે ઉપાડીને જાય છે. તેના રૂહને ધામમાં મોકલી દીધો પરંતુ દેહને પણ પાક બનાવી દીધો. - જૂનાગઢના નવાબ ૧/૧૭૬
૩. 'કાં તો તમે અહીં સદાને માટે રહો અને કાં તો તમારા જેવા ફકીરને અહીં રાખો.' - 'આપ તો સાક્ષાત્ ખુદા છો તો અમારા ઉપર રહેમ નજર રાખજો. આપના દિદાર આજે થયા એટલે મને બહુ શાંતિ થઈ.' 'આપ જૈસા તો આપ હી હૈ, લેકિન આપ જૈસા દૂસરા કોઈ ફકીર હો તો ઉનકો જરૂર રખીએ.' - જૂનાગઢના નવાબ ૧/૧૮૦ થી ૧૮૨
૪. 'તમારા દીદારથી જ આજે હું નિષ્પાપ થયો છું. આપ સમર્થ પુરુષ છો, અને હું તો આપનો દાસ છું.' - નવાબને અનંત સૂર્યનો પ્રકાશ દેખાયો. - 'આ ફકીર જેને ફરમાન કરશે તેને જ અલ્લાહ બહિશ્તમાં લઈ જશે.' - અહીં તુમ્હારા આચ્છા દેવસ્થાન બનાવો ઔર કન્હૈયાલાલકું પધરાવો. - નવાબની યાચના. - 'મને કંથાવાળા સ્વામી દર્શન દે છે. મોટું વિમાન લઈને મને બહિશ્તમાં લઈ જવા આવ્યા છે.' માણાવદરના નવાબ ગજેફરખાન ૧/૨૨૫-૨૨૭

૫. 'મને તો સિદ્ધોના પણ સિદ્ધ મળ્યા છે.' - લોધિકાના દરબાર અભેસિંહજી ૧/૨૮૭-૨૮૮
૬. સ્વામીને અક્ષરબ્રહ્મ જાણીને નમસ્કારનું ફળ શું તે પૂછ્યું - સ્વામીનો જવાબ સાંભળી આશ્ચર્ય મુગ્ધ. (તમારા પુણ્યનો અવધિ જ નથી.) ૧/૩૬૭
૭. લોધિકાના દરબાર અભયસિંહજીએ પુરુષોત્તમચરિત્ર ગ્રંથમાં ગુણાતીતાનંદ સ્વામીની સ્તુતિ કરીને અક્ષરબ્રહ્મ કહ્યા છે. ૧/૩૮૪
૮. હરિદાસજી દીવાનને ચાર ધામની યાત્રામાં ધન-સ્ત્રીનો ત્યાગી એક પણ સાધુ ન મળ્યો. - સ્વામી તમારું સંપેતરું તમારા ઘેર જ છે. ૧/૩૮૭
૯. અમારી વાતુ તો ખમિયાળા તીર જેવી છે. - ખંભાતના નવાબને કુરાનેશરીફમાંથી મોક્ષ સંબંધી વાતો કરી. સ્વામીશ્રીનું અગાધ જ્ઞાન સાંભળી નવાબ સાહેબ સ્વામીશ્રીના ચરણોમાં નમી પડ્યા અને રસોઇ દીધી. ૧/૪૧૪-૪૧૬
૧૦. 'અમે તો જીવ તે અવળા હોઈએ, પણ આપે દયા કરી તો હવે આવી દયા કાયમ રાખશો.' - સાવરના દરબાર ઉગા ખુમાણ ૧/૪૧૮-૪૧૯
૧૧. અહીં બેઠા લોધિકાનું કામ નહિ થાય. ૧/૪૮૩
૧૨. સ્વામીશ્રી તો અનંત કોટિ બ્રહ્માંડના સર્વને જાણે છે. આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણને રહેવાનું ધામ - સ્વયં અક્ષરબ્રહ્મ છે. ૧/૪૮૩-૪૮૪
૧૩. અભયસિંહ દરબારે (ગણોદ) ગુણાતીતાનંદ સ્વામીની સેવા કરી ખૂબ રાજીપો મેળવ્યો હતો - જૂનાગઢના દેવ તથા આચાર્ય સંતોની સેવા કરતા - રસોઈ આપતા. ૧/૫૮૯
૧૪. 'મા ! હું ફર્યો નથી પણ આપણો સૂરજ ફર્યો છે. અત્યાર સુધી આપણો સૂરજ આથમણો ઊગતો હતો. તે હવે ઊગમણો ઊગવા માંડ્યો. એટલે આપણો હવે રૂડો વખત આવ્યો. હવે મારો માણસનો અવતાર આવ્યો.' વાગુદડના દરબાર ભાણાભાઈ ૨/૩૦૦
૧૫. વાઘાખાચરે સ્વામી પાસે શ્રીજીમહારાજના તથા સ્વામીના સ્વરૂપમાં પાકી નિષ્ઠા થાય અને મનુષ્યભાવ ન આવે. ગામના તમામ સત્સંગીને પાકી નિષ્ઠા થાય તેવી માગણી. ૨/૩૪૧
૧૬. સ્વામીના વચને ઠાકોરજીનો ભાગ કાઢતા. ૨/૩૬૯-૪૦૩
૧૭. સંગ્રામસિંહજીએ સ્વામી પાસે જન્મ-મરણના ચક્રાવામાંથી છૂટવા માટે અને મોક્ષ માટેનો ઉપાય બતાવવા વિનંતી કરી. મુમુક્ષુતા બતાવી. ૨/૩૯૭
૧૮. 'આ જન્મમરણના ચક્રાવામાંથી અમે છૂટીએ અને અમારો મોક્ષ થાય તેવો ઉપાય કહો.' - સંગ્રામસિંહ બાપુ ૨/૩૯૭
૧૯. હરજીવન દવે (દીવાન) સ્વામીશ્રીનો પ્રતાપ. સાક્ષાત્ નારાયણે જાણે સાધુ સ્વરૂપ ધારણ ન કર્યું હોય. સ્વામીશ્રીમાં સાક્ષાત્ પ્રભુનાં દર્શન. ૨/૩૯૯
૨૦. સ્વામીશ્રીના સમાધિ સ્થાને સંગ્રામસિંહ બાપુએ દેરી કરાવી. ૨/૪૧૪

## ૩. ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષરબ્રહ્મ તરીકે કહેલ મહિમા

૧. 'જુઓ આ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ અહીં પધાર્યા છે તેમને ગ્રહણ નડતું નથી.' વડોદરાના શોભારામ શાસ્ત્રીને ૧/૨૩૪
૨. મારું કહ્યું તો એ જ ફેરવી શકે. ૧/૨૪૩
૩. અહો! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ. ૧/૨૪૪
૪. ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો. ૧/૨૬૬
૫. ગોપાળાનંદ સ્વામી જૂનાગઢમાં ભાદરાના ભક્તો પાસે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહેવરાવે છે. ૧/૨૬૭ થી ૨૬૯
૬. કેશવજીવનદાસને સ્વામી અક્ષર છે. તે સમજાવે છે. ૧/૨૭૫,૨૭૬
૭. પેટ ભરીને પૂરેપૂરી વાતો જૂનાગઢમાં થાય છે. ગોપાળાનંદ સ્વામી. ૧/૨૭૮
૮. ભોયકાના માલજી સોનીને કરાવેલી અક્ષરધામની ઓળખાણ. ૧/૩૦૩,૩૦૪
૯. 'સ્વામી જેવા સમર્થ કોઈ સાધુ નથી. એ તો મૂર્તિમાન અક્ષરધામ છે'. - અંતિમ મંદવાડમાં શિવલાલ શેઠને. ૧/૩૧૬

૧૦. ‘આ ટાણે તો શ્રીજી મહારાજ સામે કાં જૂનાગઢ જ્યાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વિરાજે છે. તેમના સામું દૃષ્ટિ જોઈએ.’ અંતિમ સમયે ગોપાળનંદ સ્વામી. ૧/૩૧૭

૧૧. પ્રાગજી! તું જૂનેગઢ જજે મેં તને જે જે કોલ આપ્યા છે. તે જૂનાગઢના જોગી બધા કોલ પૂરા કરશે. ૧/૩૧૮

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું, તો હું ગુણાતીત નહિ. (૧/૪૦૨) પ્રસંગ :** આણંદમાં સ્વામી રોજ શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમસ્વરૂપની અને એકાંતિક ધર્મની વાતો કરતા. આચાર્ય મહારાજ પણ આ વાતો સાંભળવા આવતા. રઘુવીરજી મહારાજનું મનોમંથન - રઘુવીરજી મહારાજે સ્વામીને સિગરામમાં બેસાડ્યા. - પેંડો ખાવા આપ્યો.- પાંચસો પરમહંસો ગળું ઝાલીને ઊભા છે. ખાઈશ નહિ, ઝેર છે. - અમારા શા હાલ થશે ? - તીર્થવાસી થઈને જૂનાગઢ આવો તો તમારી ગ્રંથિઓ ગાળી નાખું અને ગુણાતીત ન કરું તો હું ગુણાતીત નહિ. - જો હું ન આવું તો રઘુવીરજી નહિ. - જ્યારે સ્વામીની સાથે હોય ત્યારે નિત્ય સેવક સાથે પોતે સ્વામીની થાળી તૈયાર કરીને મોકલતા પછી જ પોતે જમતા. **મનન :** જે ગુણાતીત છે તે તો ગુણાતીત કરશે જ પણ ગુણાતીત થવા માટે સામે આપણે પણ એટલી તૈયારી હોય તો જ ગુણાતીત થઈ શકાય. ગમે તેટલા મોટા પદ પર હોઈએ પણ ગુણાતીત સંતના તો દાસ જ છીએ.

૨. **અહો ! શું કથા ! (૧/૧૨૪) પ્રસંગ :** (૧) અક્ષર ઓરડીમાં ગીતા ઉપરના રામાનુજ ભાષ્યની કથા પુરાણી પાસે મહારાજ કરાવતા હતા. પુરાણી ઉપર રાજી થઈને મહારાજ પુરાણીને ભેટ્યા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ બીજા દિવસથી કથામાં આવવાની ના પાડી. કારણ પૂછતાં જણાવ્યું તમે એકલા પુરાણીના દાખડા સામું જોઈ પુરાણીને મળો અને અમને ન મળો તે કાંઈ ઠીક ન કહેવાય. તેથી મહારાજ સૌને મળ્યા. બીજે દિવસે કથામાં કીડિયારાની જેમ સંતો ઊભરાયા. મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું : ‘આ બધાને પૂછો કે કથામાં કાંઈ સમજે છે. જેમને કથા સમજાતી ન હતી તેમને આવવાની ના પાડી. સ્વામીને પૂછ્યું તો કહ્યું :‘અહો ! શું કથા ! ન ભૂતો ન ભવિષ્યતિ. મુક્તાનંદ સ્વામીએ તેમને આવવા દેવાનું કહ્યું. પછી જ્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછયું તમે કથામાં ખરેખર સમજો છો ? ત્યારે સ્વામીએ કહ્યું : મારે તો મહારાજનાં દર્શન થાય એ જ મુદ્દો છે. કથા સાંભળીને પણ જે સિદ્ધ કરવાનું હતું તે તો આ સાધુને સિદ્ધ હોવાથી તેમનો ભક્તિભાવ જાણતા મુક્તાનંદ સ્વામીએ તેમને કથામાં આવવાની રજા અપાવી. (૨) હિન્દુસ્તાની સાધુ વિશ્વરૂપાનંદ માંદા - આકરી પ્રકૃત્તિના કારણે કોઈ સેવા કરાવા તૈયાર ન હતા. છેવટે મહારાજે સ્વામીને કરેલી આજ્ઞા. એમની સેવા થશે અને વળી મહિમા સમજીને ભગવાનમાં જોડાશે, તેથી કલ્યાણ પણ થશે. અર્જુન બધાં બાણ નિષ્ફળ જતાં બ્રહ્માસ્ત્ર છોડતાં તેમ મહારાજ પણ વખત આવે સ્વામી તરફ જ દૃષ્ટિ કરતાં. **મનન :** પ્રત્યેક ક્રિયામાં મહારાજનું અનુસંધાન રાખતા હતા. અંતરમાં અખંડ મૂર્તિ દેખાતી છતાં પ્રત્યક્ષ દર્શનની તાણ પણ એટલી જ રહેતી. મહારાજનું વચન ક્યારેય હેઠું પડવા દીધું નથી. ભગવાન અને સત્પુરુષને ખાતરી હોવી જોઈએ કે આ ક્યારે વચન હેઠું પડવા દેશે નહિ.

૩. **સ્વામી ! શિવલાલને સમજાવો નાળિયેર પાછાં જાય છે. (૧/૫૦૦) પ્રસંગ :** (૧) ભગા દોશીની સ્વામીશ્રી પાસે રજૂઆત આપની સાથે શિવલાલને હેત છે તો શિવલાલને ફરી લગ્ન માટે સમજાવવા. નાળિયેર પાછા જાય છે. - રઘુવીરજી મહારાજે સમજાવ્યા ત્યારે શિવલાલભાઈએ જવાબ આપ્યો હતો કે મારે તો ત્રણ પુત્રો છે. આપ ભગવાનના પુત્ર છો, પણ ગાદીનો વારસદાર નથી. માટે આપનું ફરી લગ્ન થવું જોઈએ. - હમણાં વેગ છે તો નહિ માને હમણાં એકાદ વરસ જાળવો. સ્વામીશ્રીના વચન ભગા દોશીને મનાઈ ગયાં. (૨) ગઢડાથી જૂનાગઢ જતાં વાંસો લોહીથી ખરડાયેલો હતો તેવા એક બ્રાહ્મણ હરિભક્ત મળ્યા. - રસ્તામાં એક કોળીએ કામઠીથી ખૂબ મને ખૂબ મારીને લૂંટી લીધો. - સ્વામીશ્રીનું અંતર દ્રવી ગયું. તરત જ તેઓ બોલ્યા : ‘શું કામઠીઓ બ્રાહ્મણ હરિભક્તને મારવા સારુ છે ? માટે તે ન હોય તો ઠીક !’ સ્વામીશ્રીના સંકલ્પે સરકારે સૌનાં તીર-કામઠાં જપ્ત કર્યાં. અને હવે કોઈ રાખશે તો તેને કેદ થશે. આ સમાચાર મળતાં સ્વામીશ્રી રાજી થયાં.

**મનન :** (૧) ભગવાન અને સંત જીવના કલ્યાણ માટેનું જ વિચારતા હોય છે. કોઈને પરાણે સંસારમાં નાખતા નથી. તેના ભવિષ્યનું પણ જોતાં હોય છે. (૨) ભગવાન અને સંત હરિભક્તના દુઃખે દુઃખી થતાં હોય છે. ચકલી માટે બ્રહ્માંડ બોળતા હોય છે.

૪. **'અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે.' (૨/૩૩૬) પ્રસંગ :** સભામાં આચાર્ય મહારાજને દંડવત્ કરી સ્વામીશ્રી સભામાં બિરાજ્યા એટલે સૌ તેમને હાર પહેરાવવા પાસે આવવા લાગ્યા, ત્યારે ધક્કામુક્કી થતાં ગોપાળદાદાએ કહ્યું : 'કોઈ નિયમ રાખતા નથી અને પ્રેમલા થઈને ધક્કામુક્કી કરો છો, વળી, સ્વામીશ્રીને ભગવાન થયું છે એટલે કોઈને કાંઇ કહેતા નથી.'ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'કોઇ અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે માટે કોઈ અમને ભગવાન કહેશો નહિ, ભગવાન તો એક સર્વોપરી અને સર્વ અવતારના કારણ એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે. અને શાસ્ત્રમાં જેને અક્ષરબ્રહ્મ કહ્યા છે તે આજે તમારી સમક્ષ વાતો કરે છે. માટે ઓળખી રાખજો.' - સદ્ગુરુઓના અંતરમાં પરિતાપ. **મનન :** જે સ્વયં અક્ષરબ્રહ્મ હોય તે જ પોતાની સાચી ઓળખ આપી શકે. તે કોઈની શેહમાં દબાય પણ નહિ.

૫. **'તમારી આજ્ઞા માનીએ કે તમારા બાપની ?' (૨/૩૩૩) પ્રસંગ :** અમદાવાદમાં આચાર્ય મહારાજની હવેલીમાં જમવાનું હોવાથી સ્વામીશ્રી સંતમંડળ સહિત પધાર્યા હતા. ત્યારે આચાર્ય મહારાજે સ્વામીશ્રીને સોનાના થાળમાં જમવાનો આગ્રહ કર્યો. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ધાતુના પાત્રમાં સાધુથી જમાય નહીં.' આચાર્ય મહારાજે અતિ આગ્રહ કરતાં કહ્યું : 'આપને તો કચરો અને કંચન બધુંય સરખું છે.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'મહોબ્બત અને ધર્મ એ બેને બનતું નથી. આપ કહો છો તેમ અમને કચરો અને કંચન બંને સરખું છે એ વાત સાચી પણ મહારાજની આજ્ઞા છે કે આ ધૂળના પાત્રમાં જમાય અને આ ધૂળના પાત્રમાં ન જમાય.' ત્યારે તેમણે કહ્યું : 'હું આજ્ઞા કરું છું તેથી થાળમાં જમો.' ત્યારે સ્વામીએ કહ્યું : 'પણ આજ્ઞા તમારી માનીએ કે તમારા બાપની ? ' એમ કહીને થાળમાં પત્તર મૂકીને બોલ્યા : 'લ્યો આ, તમારી અને તમારા બાપની બંનેની આજ્ઞા રહી.' આચાર્ય મહારાજે પકવાન પીરસાવ્યાં પણ સ્વામી તો બાજરાનો રોટલો અને દાળ જ જમ્યા. બીજે દિવસે સ્વામીશ્રી પહેલવહેલા રેલગાડીમાં બેસીને નડિયાદ જવા નીકળ્યા. થોડીવારમાં કૃપાશંકરે કહ્યું : 'સ્વામી! નડિયાદ આવી ગયું.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'એટલી વારમાં નડિયાદ આવી ગયું. - શ્રીજીમહારાજે અક્ષરધામમાં જવા સારુ આવી જ સીધી સડક (અર્ચિમાર્ગ) બાંધી દીધી છે. તેથી જો શ્રીજીમહારાજની ઉપાસના દૃઢ હોય તો આંખ મીંચીને ઉઘાડીએ ત્યાં અક્ષરધામમાં પૂગી જવાય.' **મનન :** પોતે સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર હોવા છતાં શ્રીજીમહારાજની નાનામાં નાની આજ્ઞા પણ સારધાર પાળતા હતા. એમાં કોઈની શેહશરમમાં આવતા ન હતા. સત્સંગના વડા આચાર્ય મહારાજે જ્યારે આજ્ઞા કરી તો મહારાજની આજ્ઞા પણ પળાય આચાર્ય મહારાજનું વચન પણ રહે તે રીતે વચલો રસ્તો કાઢીને પણ મહારાજની આજ્ઞા પાળી. રેલમાર્ગ વાત કરવામાં પણ જીવ ક્યાંય અટવાય નહિ અને સીધો અક્ષરધામમાં પહોંચી જાય તેવા અક્ષરધામના અર્ચિમાર્ગની સમજ આપી દીધી.

**પ્ર.૧૦નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **સ્વામી બાલમુકુન્દદાસજી (૧/૫૯૩-૫૯૪)**

૧. જન્મ સંવત ૧૮૮૭ના ચૈત્ર સુદ ત્રીજ, મત્સ્ય જયંતિના દિવસે મોસાળના ગામ કાલેજમાં થયો હતો. પિતાનું નામ જીવણશેઠ -માતાનું નામ મીઠીબા - પૂર્વાશ્રમનું નામ ગોવર્ધનભાઈ - ગોપાળાનંદ સ્વામીનું ભવિષ્ય કથન 'ગુણાતીતાનંદ સ્વામી થકી દીક્ષા પામીને વડતાલ દેશનો સત્સંગ સાચવશે.' - સંવત ૧૯૦૯માં રઘુવીરજી મહારાજે ભાગવતી દીક્ષા આપી બાલમુકુન્દદાસ નામ પાડ્યું - ગુણાતીતાનંદ સ્વામીએ હાથ જોઈને કહ્યું : 'આયુષ્ય તો એક દિવસનું પણ નથી પણ બીજાના મોક્ષ માટે ઘણાં વર્ષ સત્સંગમાં રાખવા છે.' - છેવટ સુધી સ્વામીની સેવામાં રહ્યા. - સ્વામીએ મંડળ બાંધી આપી મોટેરા કર્યા. - સર્વ પ્રકારની કુશળતા હતી તેથી સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'કોઈ મંદિરના અધિકારમાં પેસશો નહીં ને તમો તો અધિકાર નહીં કરો તોપણ સર્વે મંદિરના અધિકારીઓ તમને પૂછશે. માટે વગર અધિકારે તમારે તો અધિકાર છે.' - સંવત ૧૯૫૧માં આચાર્ય મહારાજની આજ્ઞાથી મુંબઈ મંદિર કરવા ગયા. તેના પ્રયત્નથી મંદિર માટેની જમીન લેવાઈ. - સંવત ૧૯૭૨ના મહા સુદિ બીજને શનિવારે સવારે ધામમાં પધાર્યા.

૨. અમારી સેવા કરવા માંડશો એટલે અમારામાં પણ હેત થશે. - તમામ ક્રિયા મહારાજની મૂર્તિ સંભારીને જ કરવી. -

એક મહિના સુધી તડકે ધ્યાનમાં બેસાડ્યા. - નક્કી કર્યું કે સ્વામી કહે તેમ કરવું - દિવસે ન સૂવાનો ચાર્તુમાસમાં

લીધેલો નિયમ. - અમારે તમને શ્રીજીમહારાજની નિત્ય નવી લીલાનું વાતુ રોજ કરવી. - ઝોલાં આવે તે સમયે સ્વામીની આજ્ઞાથી મંદિર ઉપર જાગવાના વારાનું કહેવા જતાં. - રાત્રે બાર પછી સૂતાં અને સવારે ચાર વાગે ઉઠી જતાં. - સંસકૃત ભણવાની આજ્ઞા. - વાસુદેવ માહાત્મયની કથા કરી. ૧/૩૩૬-૩૩૮

**વ્યક્તિત્વ :** સ્વામીને રાજી કરવા પર વિશેષ તાન હતું. સ્વામી કહે તેમ જ કરવું. તેવું નક્કી કરેલું હતું. સ્વામીશ્રીએ એક મહિનો તડકામાં બેસાડ્યા તોપણ એકપણ સવાલ કર્યો ન હતો. સર્વ પ્રકારની કુશળતા હોવા છતાં ક્યાં આગળ આવવાનો પ્રયત્ન સુધાં નથી કર્યો.

૨. **પીતાંબર ફૂલચંદ (૨/૪૨૭-૪૨૮)**

મૂળ અમદાવાદની વતની સૂરતમાં નોકરી - સૂરતમાં સ્વામીક્ષીનો યોગ - સ્વામીશ્રીનો સમાગમ કરવાની ઈચ્છા - સ્વામીશ્રીની સ્પષ્ટ વાત 'તારો વેશ્યા જેવો વેશ છે તે તું શું મારો સમાગમ કરવાનો હતો ? - નમ્રતાથી સ્વામીશ્રી રાજી - સ્વામીશ્રીનો અક્ષરબ્રહ્મનો અવતાર કહેતાં ખચકાતા નહિ - અમદાવાદ મંદિરના સદ્‌ગુરુઓનો દ્વેષ - દામોદરભાઈના છાપખાનામાં વાતો કરવાનું શરૂ કર્યું - અયોધ્યાપ્રસાદજી મહારાજે ત્યાગીની દીક્ષા આપી વિજ્ઞાનદાસજી નામ પાડયું. **વ્યક્તિત્વ :** રજોગુણી વ્યક્તિત્વ હોવા છતાં સ્વામીશ્રીની સ્પષ્ટ વાત સાંભળતા રજોગુણી સ્વભાવનો તત્કાળ ત્યાગ કરી સ્વાશ્રીને રાજી કર્યા. સ્વામીશ્રીના અક્ષર સ્વરૂપની વાત કરતાં કોઈથી દબાતા નહિ.

## વિભાગ - ૩ : સનાતન ધર્મ અભિગમ - નવી આવૃત્તિના આધારે

### પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧.** ભોજનમાં કયા ચાર ગુણ હોવા જોઈએ ? (૦૪)

જ. ભોજનમાં સૌરભ્ય, સૌરૂપ્ય, સૌરસ્ય, સૌહિત્ય આ ચાર ગુણ હોવા જોઈએ.

**૨.** ચાર પ્રકારના દેહ કયા કયા છે ? (૧૩૯)

જ. ઉદ્‌ભિજ, જરાયુજ, સ્વેદજ, અંડજ આ ચાર જાતિના દેહ છે.

**૩.** ભગવાનની અષ્ટપ્રકારની મૂર્તિઓ કઈ કઈ છે ? (૮૯)

જ. (शैली दारुमयी, लौही लेप्या लेख्या च सैकती । मनोमयी मणिमयी प्रतिमाऽष्टविद्या स्मृता ॥) પાષાણ, કાષ્ઠ, ધાતુ, લેપન (અર્થાત્ ચંદનાદિક), ચિત્ર, મૃત્તિકા (રેતી), માનસી અને રત્નમયીભગવત્પ્રત્મિાના આ આઠ પ્રકાર વર્ણવેલા છે.(શ્લોક અથવા ગુજરાતી ભાષાંત્તર કોઈપણ એક લખ્યું હોય તો પણ પૂરા ગુણ આપવા.)

**૪.** કઈ ઈન્દ્રિયને જીતવાથી સર્વ વિષય જીતાઈ જાય છે ? (૩૫)

જ. સર્વ ઈન્દ્રિયોમાં પ્રભાવશાળી એવી રસના ઈન્દ્રિયને જીતવાથી સર્વ વિષય જીતાઈ જાય છે.

**૫.** ગ.મ.૧૧ પ્રમાણે કર્મમાત્ર ભક્તિરૂપ ક્યારે થાય ? (૧૪૦)

જ. ગ.મ.૧૧ પ્રમાણે 'જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઈચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થાય.

### પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ : ૬)

**૧. ગતજન્મોની સ્મૃતિથી કઈ ત્રણ વાતો પુરવાર થાય છે ? (૧૩૨-૧૩૩)**

જ. ગતજન્મોની સ્મૃતિથી ત્રણ વાતો પુરવાર થાય છે. (૧) જ્ઞાનનો આધાર દેહ નથી. (૨) દેહથી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવનાર કોઈ જુદું તત્ત્વ દેહમાં છે, જેને શાસ્ત્રો આત્મા કહે છે. (૩) આ દેહના નાશ સાથે આત્માનો નાશ થતો નથી. આત્મા તો અજર, અમર છે.

**૨. પ્રખ્યાત રમતવીર સ્ટેનલી મેથ્યુસને કઈ રીતે દારૂબંધીને સમર્થન આપ્યું છે ? (૨૨-૨૩)**

જ. એક સમયે ઉત્તમ ફૂટબોલ રમતવીર સ્ટેનલી મેથ્યુસને બ્રિટનની રાણીએ નાઈટનું બિરુદ આપ્યું. એને માન મળ્યું તે નિમિત્તે યોજાયેલા ઉત્સવ સમારંભમાં કોઈએ દારૂ ન પીધો, પરંતુ નારંગીનો રસ જ પીધો. કારણ કે શ્રી સ્ટેનલી મેથ્યુસ દારૂ-સિગારેટ વગેરે કાંઈ પીતા નહોતા.

૩. **બ્રહ્મચર્યનું આદર્શ ઉદાહરણ - હનુમાનજી (૬૨)** જ. રામચંદ્રની આજ્ઞાથી સીતાજીની શોધ કરવા ગયેલા હનુમાનજીએ પ્રત્યેક ઘરમાં સૂતેલી સ્ત્રીઓને જોઈ પણ તેના અંતરમાં રામચંદ્રજી તેની રક્ષા કરી રહ્યા હતા. તેમના અંતરમાં એક વાત સ્પષ્ટ હતા હું ફક્ત જાનકીજીની શોધ ચલાવી રહ્યો છું. આપેલી નિશાનીઓના આધારે શબ ફેંદતા હોય તેમ સર્વ તપાસ કરી પણ લેશમાત્ર મન વિકારને ન પામ્યું. તેઓ યતિ કહેવાયા, કારણ કે બ્રહ્મચર્ય પ્રત્યેની તેમને પ્રબળ નિષ્ઠા, સતત જાગૃતિ અને ઈષ્ટદેવ રામચંદ્રજી પ્રત્યેની અસાધારણ ભક્તિ હતી.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ : ૩)**

**૧. શાસ્ત્ર અનુસાર આહારને અશુદ્ધ કરનાર કારણો (૪)**

જ. શાસ્ત્ર અનુસાર આહારને અશુદ્ધ કરનાર ચાર કારણો છે. **(૧) સ્વભાવદોષ અથવા જાતિદોષ :** જે પદાર્થ સ્વરૂપ-સ્વભાવે દૂષિત છે જેમ કે માંસ, ઇંડાં, શરાબ, સડેલું અનાજ વગેરે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે - लशुनं गृज्जनं चैव पलाण्डुकवकानि च । एतान् जगध्वा द्विजो मोहात् प्राजापत्येन शुद्धयति ॥ લસણ, ડુંગળી, સલગમ (એક પ્રકારનો કંદ), છત્રાક(બીલાડીનો ટોપ) વગેરે અપવિત્ર પદાર્થો ખાનારે પોતાની શુદ્ધિ માટે એક પ્રાજાપત્યવ્રત કરવું. **(૨) નિમિત્ત દોષ :** ભોજન તો શુદ્ધ જ છે તથા પદાર્થમાં પણ કોઈ દોષ નથી, પરંતુ તેમાં બહારથી અપવિત્ર વસ્તુનો યોગ થતાં અન્ન દૂષિત થાય છે. જેમકે બજારમાંથી ખરીદેલી મીઠાઈ વગેરેમાં જંતુ આદિ પડ્યાં હોય, પક્ષીની વિષ્ટા પડે કે ગરોળી પડે તથા ધૂળ વગેરે પડવાથી તે દૂષિત અન્ન વર્જ્ય ગણવામાં આવ્યું છે. **(૩) આશ્રયદોષ :** ભોજન પકાવનાર વ્યક્તિ અતિશય અપવિત્ર હોય, વાસણો માંજ્યાં વિનાનાં એઠાં હોય, દુષ્ટ વ્યક્તિએ સ્પર્શ કર્યો હોય, તો અન્ન દૂષિત થાય છે. વ્યક્તિ વ્યક્તિમાં ચારિત્ર્યદોષ છુપાયેલો છે. રજસ્વલા સ્ત્રીએ રાંધેલું અન્ન પણ આશ્રયથી અશુદ્ધ હોવાથી વર્જ્ય છે. **(૪) સ્વત્વદોષ :** અન્ન પોતાની ઈમાનદારીથી કમાયેલા દ્રવ્યનું ન હોય અને ભ્રષ્ટાચાર, છેતરામણી, દાણચોરી, વગેરે સાધન દ્વારા મેળવેલું હોય તો પણ અન્ન દૂષિત બને છે. તમામ દોષોમાં દ્રવ્યદોષ મોટો દોષ કહેવાયો છે. આવું અન્ન કદાપિ લેવાઈ જાય તો શુદ્ધિ માટે પ્રાયશ્ચિતરૂપે ૧૧ કે ૨૧ માળા સ્વામિનારાયણ મહામંત્રના જાપ સાથે કરવી.

૨. **વિશ્વમાં પુનર્જન્મ સિદ્ધાંતની વ્યાપકતા (૧૩૭-૧૩૮)** (૧) હિંદુ ધર્મમાં પુનર્જન્મ એ એક સૈદ્ધાંતિક હકીકત છે. વેદ-વેદાંત, દર્શન, સ્મૃતિ, પુરાણ વગેરેમાં આ સિદ્ધાંત સ્થાપિત કર્યો છે. ચાર્વાકદર્શન સિવાય બીજા બધાં દર્શન એ સ્વીકારે છે. (૨) બૌદ્ધ અને જૈન ધર્મમાં પણ તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. (૩) પ્રાચીન મિસ્ત્રમાં પણ પ્રેતાત્મા અને પુર્નજન્મનો સિદ્ધાંત માનવામાં આવે છે. (૪) પ્રાચીન યૂનાનના થેલ્સ, એમ્પિદાક્લીજ, ફિરિસાઈડિસ, પ્લેટો તથા પાયથાગોરસ આદિ દાર્શનિકો એનો સ્વીકાર કરે છે. (૫) રોમન પણ એને માને છે, કેમકે સિસરો, વર્જીલ તથા ઓવિદકી રચનાઓમાં એ પ્રગટ થયેલું છે. (૬) જૂના યુરોપની અનેક જાતિઓમાં પુનર્જન્મનો વિશ્વાસ પ્રચલિત હતો. (૭) અમેરિકાના આદિવાસી રેડ ઇન્ડિયન તથા જાપાની, ચીની, તિબ્બતી અને બર્મી લોકો પણ એ માને છે. (૮) મેક્સિકોના પ્રાચીન નિવાસીઓમાં આ વિશ્વાસ પ્રચલિત હતો. (૯) સીરિયન સંપ્રદાય 'બાર્ડિસિનીજ'નો એક સૂક્ષ્મ શરીરમાં વિશ્વાસ હતો. (૧૦) સંસ્કૃતના અનેક મહાકવિઓ ઉપરાંત, અંગ્રેજીના ટેનીસન, બ્રાઉનિંગ, વર્ડ્ઝવર્થ આદિ કવિઓ તથા ઈમર્સન જેવા ચિંતકોની રચનાઓમાં પણ એનું પ્રતિપાદન મળે છે. (૧૧) મેક્સમૂલર કહે છે કે 'માનવતાના સર્વોત્તમ ચિંતકોએ પુનર્જન્મ સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે.' (૧૨) જોસેફુસના મતે યહૂદીઓ પણ એ માને છે. (૧૩) ઈસુએ આનો સ્વીકાર કરતાં પોતાના શિષ્યોને કહ્યું હતું કે 'જાન બૈપરિસ્ટ વસ્તુતઃ એલિજા છે.' (૧૪) મેટે, ફિખ્તે, શેલિંગ તથા લેસિંગ આદિ જર્મન દાર્શનિકો પણ આ સ્વીકારે છે. (૧૫) કાણ્ટ, હથૂમ, મેકટેગર્ટ આદિ યુરોપીય દાર્શનિકો પણ પુનર્જન્મમાં વિશ્વાસ રાખે છે. (૧૬) આ રીતે ઇસ્લામ સિવાય ઘણું કરીને બધા જ ધર્મ, મત કોઈને કોઈ રૂપમાં પુનર્જન્મને માને છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં) (કુલ ગુણ : ૬)**

**૧. પુનર્જન્મ વિષે કેટલીક પ્રચલિત વાતો (૧૪૧-૧૪૩)**

૧. પૂર્વભૂમિકા - કારિયાણીના વીકમશી ખાચર પૂર્વ જન્મ ખંભાતના નારણ સુથાર - સત્યતાની ખાતરી માટે મહારાજે આપેલી નિશાની પાટડામાં પાંચસો રૂપિયાની વાંસળી. ૧૪૧

૨. વૃંદાવનમાં લક્ષ્મીચંદ શેઠ - કારિયાણીમાં નથુ પટેલ. ૧૪૨

૩. ધરમપુરના રાણી કુશળકુંવરબા પૂર્વ જન્મમાં રાજપૂત રાજાની કુંવરીને સુલતાનના જનાનખાને જવું પડ્યું - શુભ સંકલ્પ સાથે અડાલજની વાવ બંધાવી - મહારાજે સ્નાન કર્યું અને મહારાજનો યોગ - ૧૪૨

૪. મઢડાના જેઠા મેર સો જન્મથી છેડા વર્તમાન પાળતા હતા. ૧૪૨

૨. **શાકાહારી અને માંસાહારી પ્રાણીમાં પાયાના તફાવતો (૬-૭)** : મનુષ્ય મૂળભૂત શાકાહારી પ્રાણી છે. તેની શરીર-રચના જ માંસાહારી પ્રાણીથી બિલકુલ ભિન્ન છે, આ બાબત નીચેની વિગતોથી સહજ રીતે સમજી શકાય છે. (૧) માંસાહારી પ્રાણીની પાચનરચના શાકાહારી પ્રાણીથી ભિન્ન છે. વાઘ, સિંહ જેવા માંસાહારી પ્રાણીના આંતરડાની લંબાઈ તેના શરીરની લંબાઈ કરતાં ત્રણ ગણી હોય છે. જ્યારે શાકાહારીની બાબતમાં આંતરડાની લંબાઈ શરીર કરતાં બાર ગણી હોય છે. માંસ જલદી બગડે છે, તેથી તે બગાડ લોહીને અશુદ્ધ ન કરે તે કારણથી

માંસાહારી પ્રાણીનું આંતરડું નાનું હોય છે. જ્યારે ઘાસ, ફળફળાદિ તથા અનાજ પ્રમાણમાં લાંબા સમય સુધી શરીરમાં રહી શકે છે. આથી શાકાહારી જીવોના આંતરડાની લંબાઈ વધુ હોય છે. (૨) માંસમાં રહેલ તત્ત્વોને પચાવવા માટે માંસાહારી પ્રાણીના જઠરમાં શાકાહારી કરતાં દસગણો હાઈડ્રોક્લોરિક એસિડ હોય છે. (૩) માંસાહારી પ્રાણીને તીક્ષ્ણ નહોર હોય છે. તેનાથી તે શિકારને નિઃસહાય કરી શકે છે. શાકાહારી પ્રાણીને તેવા નહોર હોતા નથી. (૪) શાકાહારી પ્રાણીને મોઢામાં આગળના ભાગમાં અણિયાળા દાંત હોતા નથી. વળી તેને મોઢાના પાછળના ભાગમાં ખોરાકને ઢીલો કરવા માટે ખાસ ચપટા દાંત હોય છે. ખોરાકને ચાવવા માટે ગાય તથા ભેંસનું જડબું ઉપરથી નીચે તથા જમણી બાજુથી ડાબી બાડુ હલી શકે છે. તેથી વિરુદ્ધ માંસાહારી પ્રાણીને તીક્ષ્ણ દાંત (canine teeth) હોય છે. જેનાથી તે માંસ ફાડી શકે છે. તેનું જડબું ઉપરથી નીચે સુધી જ હલી શકે છે. વળી તેનો ખોરાક-માંસ જઠરમાં પચે છે તેથી ખોરાકને ચાવવા માટે શાકાહારી પ્રાણી જેવા ચપટા દાંત મોઢાના પાછળના ભાગમાં હોતા નથી. (૫) શાકાહારીના મોઢામાં ખોરાક ચાવતી વખતે ટાયલીન નામનું તત્ત્વ સ્ત્રવે છે. જેથી પાચન સરળ બને છે. માંસાહારી પ્રાણીમાં તેવી ક્રિયા થતી નથી. (૬) શાકાહારી પ્રાણીનાં શરીર પર પરસેવાના નિકાલ માટે અસંખ્ય છિદ્રો હોય છે. જ્યારે માંસાહારી પ્રાણી તેની જીભ દ્વારા પરસેવાનો નિકાલ કરે છે તથા તે દ્વારા શરીરમાં ઠંડક અનુભવે છે. (૭) મનુષ્ય મૂળભૂત રીતે શાકાહારી છે - તે સમજાવતાં એક વૈજ્ઞાનિક કહે છે : માંસના ટુકડાને જોઈ બિલાડીના મોંમાં પાણી છૂટે છે, જ્યારે મનુષ્યને તેવા કાચા માંસના ટુકડાને જોઈ તેવો અનુભવ થતો નથી. માણસને દ્રાક્ષનું ઝૂમખું જોઈ તરત જ તે ખાવાનું મન થાય છે. શરીરરચનાના તફાવતોને આધારે સ્પષ્ટ થાય છે કે માણસે જમીનમાંથી મળતાં શાકભાજી તથા અનાજનો જ ખોરાક માટે ઉપયોગ કરવો જોઈએ. આ સત્યને સમર્થન આપતા સ્વીડનના વૈજ્ઞાનિક વોન લીન કહે છે “Mans structure, external and internal, compared with that of other animals, shows that fruit and succulent vegetables constitute his natural food.” અર્થાત્ માણસની આંતર-બાહ્ય રચના, માંસાહારી પ્રાણીની તુલનામાં એ બતાવે છે કે મનુષ્યનો સ્વાભાવિક ખોરાક ફળ અને શાકભાજી છે.

❑ ❑ ❑